# આણંદ નગરપાલિકા, તા આણંદ, જી. આણંદ.

## ભરતીની જાહેરાત

આણંદ નગરપાલિકાના જુદા જુદા વિભાગ માટે કર્મચારીઓની ભરતી કરવા માટે મે. પ્રાદેશિક કમિશ્નરશ્રી,નગરપાલિકાઓની કચેરી,વડોદરા ઝોનના હુકમ ક્રમાંક RCMVD/0309/10/2024 તા.૨૯-૧૦-૨૦૨૪થી મંજુર થયેલ કુલ ૧૮ જગ્યા તથા મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી,નગરપાલિકાઓ,વડોદરાના પત્ર ક્રમાંક પ્રા.ક/મહેકમ/હુકમ/આણંદ/ભરતી-બઢતી સુધારા નિયમો/૨૧૧૬/૨૦૨૦ તા.૦૧-૦૧-૨૦૨૧થી મંજુર થયેલ ભરતી/બઢતી નિયમો મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારોએ આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૩૦ દિવસમાં મળી જાય તે રીતે અરજી કરવાની રહેશે. ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત,અનુભવ નીચે મુજબ છે. જે મુજબની યોગ્ય લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે આણંદ નગરપાલિકા કચેરીની મહેકમ શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

| અ.નં. | વિભાગનું નામ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા બીન અનામત (સામાન્ય) | વર્ગ | શૈક્ષણિક લાયકાત, ટેકનીકલ લાયકાત, અનુભવ તથા વય મર્યાદા | પે સ્કેલ સ્કેલ (સાતમા પગારપંચ મુજબ) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ડ્રેનેજ વિભાગ | હાઇડ્રોલિક એન્જિનિયર | ૧ | ૩ | (૧) **શૈક્ષણિક લાયકાત:-**<br>1 બી.ઈ સિવિલ.<br>2 સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) **અનુભવ:-**<br>કુલ નોકરીના ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>(૪) **વય મર્યાદા:-** ૧૮ થી ૩૫ વર્ષથી વધુ નહીં<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૪૪૯૦૦-૧૪૨૪૦૦(૮) |
| ૨ | યુ. સી. ડી | પ્રોજેક્ટ ઓફીસર | ૧ | ૩ | (૧) **શૈક્ષણિક લાયકાત:-**<br>(૧) સ્નાતક / અનુ સ્નાતક<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૨) **અનુભવ:-** ૩ વર્ષનો સામાજિક કામમાં સુપરવાઇઝરનો અનુભવ જરૂરી તથા અનુસ્નાતક ના કિસ્સામાં ૨ વર્ષનો અનુભવ<br>(૪) **વય મર્યાદા:-** ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૩૯૯૦૦-૧૨૬૬૦૦(૭) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | ટાઉન પ્લાનિંગ | સર્વેયર | ૧ | ૩ | (૧) **<u>શૈક્ષણિક લાયકાત:-</u>**<br>(૧) બી. ઈ. સિવિલ અથવા ડિપ્લોમા સિવિલ એન્જિનિયર<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૬) |
| ૪ | ડ્રેનેજ | શિફ્ટ એન્જિનિયર | ૧ | ૩ | (૧) **<u>શૈક્ષણિક લાયકાત:-</u>**<br>(૧) બી. ઈ. મીકેનિકલ /ડિપ્લોમા મિકેનિકલ એન્જિનિયર<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) **<u>અનુભવ:-</u>**<br>૩ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ<br>(૪) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૬) |
| ૫ | ડ્રેનેજ | મીકેનિકલ સુપરવાઇઝર | ૧ | ૩ | (૧) **<u>શૈક્ષણિક લાયકાત:</u>**<br>મીકેનિકલ/ઈલેક્ટ્રીકલ એન્જી. ડિપ્લોમા કોર્ષ પાસ<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૬) |
| ૬ | ડ્રેનેજ | મીકેનીકલ ઈલેક્ટ્રીકલ ઇજનેર | ૧ | ૩ | ૧) **<u>શૈક્ષણિક લાયકાત:</u>**<br>બી. ઈ. મીકેનિકલ/ઈલેક્ટ્રીકલ ઇજનેર અથવા ડી.ઈ.ઈ/ડી.એમ.ઈ.<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) **<u>અનુભવ</u>**<br>બી. ઈ. મીકેનિકલ/ઇલેક્ટ્રિકલ માટે ૧ વર્ષનો અનુભવ અથવા ડી.એમ.ઈ./ડી.ઈ.ઈ. માટે ૨ વર્ષનો અનુભવ (સુવેજ ટ્રીટમેન્ટ પ્લાનનો અને લાઇટિંગ પમ્પિંગ સ્ટેશનનો)<br>(૪) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૬) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | ડ્રેનેજ | કેમિસ્ટ | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>બી. એસ. સી વિથ કેમેસ્ટ્રી<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) **<u>અનુભવ</u>**<br>૨ વર્ષનો લેબોરેટરી નો અનુભવ<br>(૪) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૩૫૪૦૦-૧૧૨૪૦૦(૬) |
| ૮ | ઓફિસ | સીની. લીગલ ક્લાર્ક | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>એલ. એલ. એમ. તથા એલ. એલ. બી.<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૨૯૨૦૦-૯૨૩૦૦ (૫) |
| ૯ | એકાઉન્ટ | આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>બી. કોમ<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૨૯૨૦૦-૯૨૩૦૦ (૫) |
| ૧૦ | શોપ એક્ટ | શોપ ઇન્સ્પેકટર | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>ગ્રેજ્યુએટ તથા કાયદાના જાણકાર<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૨૯૨૦૦-૯૨૩૦૦ (૫) |
| ૧૧ | બાગ બગીચા | ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>બી. એસ. સી. (એગ્રીકલ્ચર) માન્ય યુનિવર્સિટીમાં થી ગાર્ડનિંગ વિષયના ને પ્રથમ પસંદગી અથવા ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ તરીકેનો ૨ વર્ષનો અનુભવ | ૨૯૨૦૦-૯૨૩૦૦ (૫) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | (૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) <u>વય મર્યાદા:-</u> ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | |
| ૧૨ | એકાઉન્ટ | આંકડા મદદનીશ | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>બી. કોમ પાસ (ટેલી કોર્ષ જી.એસ.ટી. સાથે)<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) <u>વય મર્યાદા:-</u> ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૨૫૫૦૦-૮૧૧૦૦(૪) |
| ૧૩ | દીવાબત્તી | લાઇટ ઇન્સ્પેકટર | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>ગ્રેજ્યુએટ તથા લાઇટના કામકાજના જાણકાર<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.<br>(૩) <u>વય મર્યાદા:-</u> ૧૮ થી ૩૫ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૧૯૯૦૦-૬૩૨૦૦(૨) |
| ૧૪ | સિટીબસ | સિટીબસ ફોરમેન | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>એચ. એસ. સી પાસ, ઑટોમોબાઇલ્સ પાસ તથા કામના અનુભવી<br>(૨) <u>વય મર્યાદા:-</u> ૧૮ થી ૩૩ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૧૯૯૦૦-૬૩૨૦૦(૨) |
| ૧૫ | સિટીબસ | લુહાર ટીન મેકર | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>એચ. એસ. સી પાસ<br>(૨) <u>વય મર્યાદા:-</u> ૧૮ થી ૩૩ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.)<br>(૩) <u>અનુભવ:</u> **૧ વર્ષનો કામકાજનો અનુભવ** | ૧૯૯૦૦-૬૩૨૦૦(૨) |
| ૧૬ | મેલેરિયા | ઇન્સેક્ટ કલેકટર | ૧ | ૩ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>એચ. એસ. સી પાસ , એસ. આઈ. કોર્ષ પાસ<br>(૨) સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCCની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે. | ૧૯૯૦૦-૬૩૨૦૦(૨) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | (૩) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૩ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.)<br>(૪) **<u>અનુભવ:</u> ૩ વર્ષના મેલેરિયા કામકાજનો અનુભવ** | |
| ૧૭ | વોટર વર્કસ | ગાર્ડનર | ૧ | ૪ | ૧) શૈક્ષણિક લાયકાત:<br>એચ. એસ. સી પાસ ,<br>(૨) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૩<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.)<br>(૩) **<u>અનુભવ:</u> બગીચાના કામકાજનો અનુભવ** | ૧૫૦૦૦-૪૭૬૦૦ (IS-૨) |
| ૧૮ | ટાઉન પ્લાનિંગ | પ્રોસેસ સર્વર | ૧ | ૪ | ૧) **<u>શૈક્ષણિક લાયકાત:</u>**<br>એચ. એસ. સી પાસ ,<br>(૨) **<u>વય મર્યાદા:-</u>** ૧૮ થી ૩૩ વર્ષ<br>(આણંદ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૧૪૮૦૦-૪૭૧૦૦ (IS-૧) |

**શરતો :**

(૧) ઉપરોકત જગ્યાઓ માટેની અરજીની જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં સાંજે ૫ કલાક સુધીમાં **ચીફ ઓફિસરશ્રી, આણંદ નગરપાલિકા,મહાત્મા ગાંધી માર્ગ, આણંદ- ૩૮૮૦૦૧, તા. જિ. આણંદ** ખાતે ફક્ત કામકાજના દિવસોમાં ફક્ત રજી.પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ મારફતે જ અરજી મોકલી આપવાની રહેશે. આ સિવાયની અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. ઉમેદવારે અરજી સીલ બંધ કવર ઉપર કઈ જગ્યા માટે અરજી કરેલ છે તેની વિગત સ્પષ્ટ દર્શાવવાની રહેશે. અરજદાર દ્વારા એક જગ્યા માટે એક જ અરજી કરવાની રહેશે. તથા અરજદારે દરેક જગ્યા માટે અલગ અલગ અરજી કરવાની રહેશે. એક જગ્યા માટે બે અરજી કરવામાં આવેલ હોય ત્યારે આખરી અરજી માન્ય રાખવામાં આવશે.

(૨) અરજદારે અરજી સાથે તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટો નંગ- ૦૧ કોપી, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો, શૈક્ષણિક લાયકાત/ટેકનિકલ લાયકાતની સ્વ-પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. તથા જ્યાં લાગુ પડતું હોય ત્યાં અનુભવનું પ્રમાણપત્ર અને કમ્પ્યુટર કૌશલ્ય (સીસીસી પરીક્ષા પાસ વિગેરે)ના પ્રમાણપત્રની સ્વ પ્રમાણિત નકલ સામેલ કરવાના રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતિ/અનામત અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું માન્ય પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે માન્ય નોન ક્રીમીલેયર સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખની સ્થિતિએ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે. સ્વપ્રમાણિત ના કરેલ પ્રમાણપત્રો સાથેની અરજી તેમજ અધૂરી ભરેલ માહિતીની અરજીઓ અમાન્ય કરવામાં આવશે.

(૩) સામાન્ય કેટેગરીના પુરુષ ઉમેદવારો માટે વય મર્યાદા જાહેરાતમાં દર્શાવ્યા મુજબ રહેશે. સામાન્ય વર્ગની સ્ત્રીઓ ઉમેદવારો તથા અનામત વર્ગના ઉમેદવારો માટે વયમર્યાદા સરકારશ્રીના નીતિ નિયમ મુજબ રહેશે. પરંતુ આવા ઉમેદવારે અ.જા/અનુ.જ.જા /સા.શૈ.પ/આ.ન.વ. જાતિએ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.

(૪) નિયામકશ્રી, નગરપાલિકા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : નપાની/યુ-૧/વશી/૪૦૩૫/ ૨૦૦૪, તા.૦૩/૦૮/૨૦૦૪ના પરિપત્ર તેમજ અમરેલી નગરપાલિકાના સ્પે.સી.એ.નં.૫૭૪૬/૧૯૯૯ના નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને આધીન **આણંદ નગરપાલિકામાં** કામ કરતા હંગામી રોજમદાર કર્મચારીઓને લાગુ પડશે.

(૫) ઉપરોક્ત જગ્યાઓ પૈકી ક્રમ નં.૧ થી ૧૬ ની ભરતી લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાના મેરીટ મુજબ કરવામાં આવશે જેમાં ઉમેદવારોએ પોતાનું ઓળખ પત્ર ઓરિજનલ તથા ઝેરોક્ષ સહિત લેખિત પરીક્ષામાં સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે. તથા ક્રમ નં.૧૭ અને ૧૮ની ભરતી મૌખિક ઈન્ટરવ્યુંના આધારે(સરકારશ્રીના નિયમોની જોગવાઈ અનુસાર) કરવામાં આવશે. તથા ઉપરોક્ત જગ્યાઓ પૈકી ક્રમ નં.૧૭ અને ૧૮ના ઉમેદવારોએ નગરપાલિકા જણાવે તે તારીખ તથા સમયે જન્મનું પ્રમાણપત્ર અથવા ઉંમરનો પુરાવો, શૈક્ષણિક લાયકાત, જાતિના અસલ પ્રમાણપત્રો સાથે તથા આઈ. ડી. પ્રૂફ સાથે ઇન્ટરવ્યૂમાં સ્વ-ખર્ચે હાજર થવાનું રહેશે.

(૬) સરકારશ્રીના નીતિ અનુસાર કર્મચારીઓની પ્રથમ નિમણૂક ૫ (પાંચ) વર્ષના ફીક્સ પગારથી કરવામાં આવશે. તથા સરકારશ્રી તરફથી વખતોવખત જે સુધારા જાહેર થશે તે લાગુ પડશે ત્યારબાદ કરારીય સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર સ્કેલ તથા ભથ્થા મળવાપાત્ર રહેશે.

(૭) પ્રાદેશીક કમિશ્નર નગરપાલિકાઓ વડોદરાના પત્ર તા.૦૧/૦૧/૨૦૨૧ ભરતી બઢતીના નિયમોમાં થયેલ સુધારા મુજબ **આણંદ નગરપાલિકામાં** લાંબા સમયથી રોજમદાર કે ફીક્સપગારથી કામ કરતાં કર્મચારીને ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૮) અરજી પત્રકનો નમુનો આણંદ નગરપાલિકાની મહેકમ શાખામાંથી અથવા નગરપાલિકાની વેબસાઈટ **https://www.anandnagarpalika.com** પરથી ડાઉનલોડ કરી શકાશે. માન્ય અરજી ફોર્મ સિવાયની અરજી માન્ય રાખવામાં આવશે નહીં.

(૯) જાહેરાત પ્રસિદ્ધ થયેલ તારીખના રોજની સ્થિતિએ વયમર્યાદા ગણવાની રહેશે તથા જાહેરાત પ્રસિદ્ધિની તારીખની સ્થિતિએ જણાવેલ શૈક્ષણિક લાયકાત/ટેકનિકલ લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે.

(૧૦) અધુરી વિગતો વાળી, શૈક્ષણિક પ્રમાણપત્ર તથા અન્ય જરૂરી પ્રમાણપત્રો સામેલ કર્યા સિવાયની કે અસ્પષ્ટ અરજીઓ અને સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિ.

(૧૧) ખોટા આધાર-પુરાવા/પ્રમાણપત્રો રજુ કરનારની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

(૧૨) આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશતઃ રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે. નગરપાલિકા આ માટે કોઈ કારણ  આપવા માટે બંધાયેલી રહેશે નહીં.

સભ્ય સચિવ
પસંદગી સમિતિ અને
ચીફ ઓફીસર, આણંદ નગરપાલિકા

અધ્યક્ષ
પસંદગી સમિતિ અને
પ્રમુખ, આણંદ નગરપાલિકા